# આજે ૯૧ બેઠકો માટે મતદાન

## ૧૧ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચૂંટણી યોજાશે : ઉત્તરપ્રદેશની મુઝફ્ફરનગર બેઠક પર પણ મતદાન : ૧૧ કરોડથી વધુ મતદારો મતદાન કરશે : દિલ્હીની તમામ બેઠકોમાં મતદાન



નવીદિલ્હી, તા.૯

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કા માટે તખ્તો ગોઠવાઈ ચુક્યો છે. આવતીકાલે ૧૧ રાજ્યો અને ત્રણ કેન્દ્ર શાસિત પ્રદેશોને આવરી લઈને ૯૨ બેઠકો ઉપર મતદાન થશે. કુલ ૧૧ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. દિલ્હી અને રાષ્ટ્રીય પાટનગર પ્રદેશ સહિત ૧૧ રાજ્યોમાં મતદાન યોજાનાર છે. ઉત્તરપ્રદેશના કોમી હિંસાગ્રસ્ત મુઝફ્ફરનગરમાં પણ મતદાન યોજાશે. ૭મી એપ્રિલના દિવસે શરૂ થયેલા મતદાનના ત્રીજા તબક્કામાં આવતીકાલે મતદાન થશે. અંતિમ તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન થશે. આવતીકાલે યોજાનાર મતદાનને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. આવતીકાલે ૧૪૧૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે જેમાં લોકસભાના અધ્યક્ષ મીરાકુમાર, સાત કેન્દ્રીયપ્રધાનો જેમાં કપિલ સિબ્બલ, કમલનાથ, શશી થરુર, અજીતસિંહનો સમાવેશ થાય છે. વીકે સિંહ, હર્ષવર્ધનના ભાવિનો

પણ ફેંસલો થશે. ઉત્તરપ્રદેશની ૮૦ બેઠક પૈકી ૧૦માં આવતીકાલે મતદાન યોજાશે જેમાં મુઝફ્ફરનગર, સહારનપુર, કેરાના, અલીગઢ, બીજનોર, મેરઠ, બાગપત, ગાઝિયાબાદ, ગૌત્તમબુદ્ધનગર અને બુલંદ શહેરનો સમાવેશ થાય છે. દિલ્હીમાં તમામ સાત બેઠકો ઉપર મતદાન યોજાનાર છે જેમાં ૧.૨૭ કરોડ મતદારો છે અને કુલ ઉમેદવારોની સંખ્યા ૧૫૦ છે. આવી જ રીતે બિહારમાં ૪૦ પૈકીની છ બેઠક ઉપર મતદાન યોજાશે. કેરળમાં તમામ ૨૦ બેઠકો ઉપર મતદાન થશે. મધ્યપ્રદેશમાં લોકસભાની નવ બેઠક ઉપર મતદાન થશે.

દિલ્હી અને હરિયાણાની તમામ બેઠકો પર યોજાનાર મતદાનમાં અનેક મહારથીઓના ભાવી સીલ થશે. ચાંદની ચોકમાં રસપ્રદ ત્રિકોણીય જંગ છે. જેમાં કપીલ સિબ્બલ, હર્ષવર્ધન અને આસુતોષ ગુપ્તા વચ્ચે કસમેકસ જંગ ખેલાય છે. એવો જ જંગ નવીદિલ્હીબેઠક પર અજય માકન, મિનાક્ષી લેખી અને આશિષ ખેતાન વચ્ચે ખેલાય છે.

ગાઝિયાબાદ બેઠક પર રાજ બબ્બર, કર્નલ વી.કે. સિંહ અને શાઝિયા ઈલ્મી અને ચંદીગઢની બેઠક પર પવન બંસલ, કિરણ ખેર અને ગુલ પનાગ વચ્ચે ખરાખરીનો જંગ છે.

ઈલેક્શન કાઉન્ટ-ડાઉન

VOTE 20

દિવસ બાકી


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯ | ૧૦ એપ્રિલ, ૨૦૧૪, ગુરુવાર; ચૈત્ર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


NEWS બિટ્સ

**● દિલ્હીમાં મતદાનને પ્રોત્સાહિત કરવા પેટ્રોલ પર ડિસ્કાઉન્ટ**

દિલ્હી, નોઈડા, ગુરગાંવ



અને રોહતકના ૬૭ જેટલા પેટ્રોલ પંપો ૧૦મી એપ્રિલે પોતાના મતાધિકારનો ઉપયોગ કરનારા ગ્રાહકોને પેટ્રોલ ઉપર પ્રતિ લિટરે ૫૦ પૈસા ડિસ્કાઉન્ટ આપશે. મતદાન કર્યાના નિશાન સાથે આ પેટ્રોલ પંપો ખાતે આવનારા કોઈપણ ગ્રાહકને પ્રતિ લિટરે ૫૦ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**● પૂર્વ પ્રધાનમંત્રી નરસિંહરાવના પૌત્ર 'આપ'ના ઉમેદવાર**

આમ આદમી પાર્ટીએ પૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહા રાવના પૌત્ર સુધા કીરણને આંધ્રપ્રદેશના મલ્કાજગીરી લોકસભા બેઠકથી ઉમેદવાર બનાવ્યા છે. પક્ષની ઉમેદવાર ચંદન ચક્વર્તીએ પોતાનુ નામ ખેંચી લીધા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આપના પ્રવક્તાએ જણાવ્યુ કે ચંદન ચક્વર્તી અંગત અને સ્વાસ્થ્યના કારણોથી ચૂંટણી જંગમાંથી બહાર નીકળી ગયા છે.

**● લોકસભાની ચૂંટણી પર ૭૦ હજાર કરોડનો સટ્ટો**


ચૂંટણી અને ક્રિકેટ પર ભારતમાં સૌથી વધુ સટ્ટો રમાય



છે. લોકસભાની ચૂંટણી નજીક આવતા સટોડીયાઓ હરકતમાં આવી ગયા છે. એક અંદાજ મુજબ લોકસભાની ચૂંટણી પર ૭૦ હજાર કરોડનો સટ્ટો રમાશે. મોદી પર ૪૦થી ૪૨ પૈસાના ભાવ સાથે પ્રથમ ક્રમે અને ૭ રૂપિયા સાથે રાહુલ ગાંધી બીજા ક્રમે છે.

**● હવે નમો બામ... પણ બજારમાં**

ભાજપના વડાપ્રધાન પદના દાવેદાર નરેન્દ્ર મોદીના ટુંકા નામ




'નમો' સાથે અનેક પ્રોડક્ટ બજારમાં આવી રહી છે. 'નમો ટી' બજારમાં મુકવાની તૈયારીઓ પૂર્ણ થઈ ચુકી છે. તો હવે 'દર્દ અનેક ઈલાજ એક' એવી ટેગલાઈન સાથે 'નમો દર્દ નાશક બામ' બજારમાં મુકાયી છે. 'નમો કોઈન્સ 'પણ ટુંક સમયમાં બજારમાં મુકાશે.

# ગાંધીનગર માટે ૨૩ ઉમેદવારો મેદાનમાં

## અંતિમ દિવસે વધુ ૭ ઉમેદવારોએ જંગમાં ઝુકાવતાં જિલ્લામાં રાજકીય ગરમાવો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સંસદીય મત વિસ્તાર માટે આજે વધુ ૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતા ગાંધીનગર બેઠકના ઉમેદવારોની સંખ્યા ૨૩ પર પહોંચી છે.

ગાંધીનગર બેઠક માટે ૧૧ અપક્ષ ઉમેદવારો ઉપરાંત ત્રણ રાષ્ટ્રીય પક્ષના ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે નવ જેટલા ઉમેદવારો રજીસ્ટર્ડ પોલીટીકલ પાર્ટીના ઉમેદવારો છે.

ગાંધીનગરમાં આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ૭ ઉમેદવારોએ મેદાનમાં ઝુકાવ્યુ છે જેમાં ઉપક્ષ ઉમેદવારોની સંખ્યા વધુ છે. ગત વખતે પણ ગાંધીનગરમાં બહુકોણીય જંગ ખેલાયો હતો. આ વખતે પણ બહુકોણીય જંગ સ્પષ્ટ બની ચુક્યો છે.

ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા સંપન્ન થઈ છે. ૨૩ ઉમેદવારોએ ૩૮ જેટલા ફોર્મ ભરી પોતાનું નસીબ અજમાવ્યુ છે.

આજે સવારે ૧૦.૩૦ વાગ્યાથી ઉમેદવારી પત્રોની ચકાસણી અંગેની પ્રક્રિયા ઉમેદવારોની હાજરીમાં શરૂ થશે. આ પછી કેટલા ઉમેદવારો મેદાનમાં રહે છે તે ચિત્ર થોડુક સ્પષ્ટ થશે. ૧૨મી એપ્રિલ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. એટલે આખરી ચિત્ર ૧૨મીએ જ સ્પષ્ટ થશે.

આજે ઉમેદવારી પત્ર ભરવા માટેના અંતિમ દિવસે વધુ ૭ ઉમેદવારી પત્ર ભરાતાં બે બેલેટ યુનિટનો ઉપીયોગ કરવો પડે તેવી સંભાવનાઓ ઉભી થઈ છે. જો કે હાલ તો ઉમેદવારી પત્રની ચકાસણી અને ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે જ ચિત્ર સ્પષ્ટ થયા બાદ ખબર પડશે.

ગાંધીનગરમાં બે બેલેટથી ચૂંટણી યોજવાની થાય તો બહારથી બેલેટ યુનિટ તંત્રને મંગાવવાની ફરજ પડશે. તંત્રએ આ દિશામાં પણ ધીમીગતીએ કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર લોકસભા મતવિસ્તાર એ રાજકીય રીતે પણ આગવી ઓળખ ધરાવતો હોવાથી અહિ ઉમેદવારોની સંખ્યા વધવા પામી હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. તંત્રને પણ ચૂંટણીની સમગ્ર કામગીરીમાં ઉમેદવારોની સંખ્યા વધતાં વધુ ધ્યાન કેન્દ્રત કરવું પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

## કોંગીના કીરીટ પટેલે નવું ઉમેદવારી પત્ર રજુ કર્યું

### બસપાના ઉમેદવારે પણ વધુ ૧ ફોર્મ રજુ કર્યું

ગાંધીનગર, તા.૯

આજે ગાંધીનગર સંસદીય મત વિસ્તાર માટે કોંગ્રેસના ઉમેદવાર શ્રી કીરીટ પટેલ અને બસપાના ઉમેદવાર શ્રી નિરંજન ઘોષ દ્વારા વધુ ઉમેદવારીપત્રોના સેટ રજુ કરવામાં આવતાં રાજકીય આશ્ચર્ય સમગ્ર જિલ્લામાં પ્રસરી જવા પામ્યું છે.


● અનુસંધાન પાન-૭ પર


## ૨૧૫ મતદાન મથકો પર વાયરલેસની મદદથી પળપળની જાણકારી મેળવાશે

### રાજ્યના મોબાઈલ નેટવર્ક વિનાના ૧૨ જેટલા જિલ્લામાં આવા મતદાન મથકો આવેલા છે : અનિતા કરવાલ

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં ૨૧૫ મતદાન મથકો એવા છે જ્યાં ચૂંટણીપંચ વાયરલેસની મદદથી પળપળની જાણકારી મેળવશે.

આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલે જણાવ્યું હતું કે રાજ્યમાં ચૂંટણી માટેના મતદાનની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે. ઉમેદવારી પત્રો ભરવા માટે આજે અંતિમ દિવસ હતો તેમજ બે દિવસ ઉમેદવારી પત્રો પાછા ખેંચવા માટે રહેશે. ૧૨મીએ ઉમેદવારો અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે.

આજે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે ચૂંટણી સંચાલન માટે ટેકનોલોજીનો ઉપીયોગ કરવામાં આવનાર છે. તેમણે જણાવ્યું હતું કે એસ.એમ.એસ. થકી ચૂંટણી સંચાલન કરવામાં આવશે. તેમણે જણાવ્યુ હતુ કે પંચે ચૂંટણી સંચાલન માટે કોમ્યુનિકેશન પ્લાન પણ બનાવ્યો છે.

રાજ્યમાં ૨૧૫ મતદાન મથકો એવા છે જે અંતરિયાળ છે જ્યાં નેટવર્ક મોબાઈલના ઉપલબ્ધ નથી અને તેથી ત્યાં વાયરલેસ નેટવર્કનો ઉપીયોગ કરી સંચાલનમાં સહયોગ લેવામાં આવશે.

જે ૨૧૫ મતદાન મથકો આવા છે તેમાં નર્મદા, બનાસકાંઠા, જૂનાગઢ, પંચમહાલ, દાહોદ સહિત ૧૨ જેટલા જિલ્લાઓમાં છે. તેમણે જણાવ્યુ હતુ કે સમગ્ર તંત્ર ચૂંટણી માટે મિશન મોડમાં આવી ગયું છે.

ચૂંટણી માટે નિયુક્ત કરાયેલા સામાન્ય નિરીક્ષકો પણ મતવિસ્તારોમાં તેમની ફરજ પર હાજર થઈ ગયા છે. રાજ્યમાં હાલ ૪,૦૫,૭૮,૫૭૭ મતદારો છે.



જંગ-એ-વડોદરા : પ્રધાનમંત્રી પદના ભાજપના ઉમેદવાર અને રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત લોકસભામાં ઉમેદવારી નોંધાવવા વડોદરા પહોંચ્યા ત્યારે પ્રજાએ ઉલ્લાસપૂર્વક શાનદાર સ્વાગત કર્યું હતું. ત્રણ કિલોમીટર લાંબા રોડ-શૉમાં લાખ્ખો લોકો જયઘોષો સાથે નરેન્દ્ર મોદીનું અભિવાદન કર્યું હતું.



કોથળામાં પરચુરણ - કચ્છના અબડાસા વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં 'આપ'ના ઉમેદવારે પચાસ-પચાસ પૈસાના ૧૦ હજાર રૂપિયાના સિક્કા ભરેલા કોથળા લઈ ડીપોઝીટ કલેક્ટર ઓફીસ પહોંચ્યા હતા તે સમયની તસવીર

## રાજ્યમાં આચારસંહિતા ભંગની કુલ ૨૦૯ ફરિયાદ

### સૌથી વધુ કચ્છમાંથી ૨૬ ફરિયાદો મળી : ચૂંટણી પહેલા કુલ ૧૭૨ ફરિયાદોનો નિકાલ કરી દેવાયો

ગાંધીનગર, તા.૦૯

ભારતના ચૂંટણી પંચે લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૪ની તા. ૫મી માર્ચ ૨૦૧૪થી જાહેરાત કરી તે દિવસથી ગુજરાત સહિત સમગ્ર ભારતમાં આદર્શ આચારસંહિતાના અસરકારક અમલ માટે કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં આદર્શ આચારસંહિતાના ભંગની મળેલી ફરિયાદો વિશે વિગતો આપતાં મુખ્ય નિર્વાચન અધિકારીએ જણાવ્યું છે કેઅત્યાર સુધીમાં કુલ ૨૦૯ ફરિયાદો મળી છે. આ પૈકી ૧૭૨ ફરિયાદોનો નિકાલ થઈ ગયો છે અને ૩૧ ફરિયાદો જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિકાલની યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવી છે, જેમાં સૌથી વધુ કુલ ૨૯ ફરિયાદો કચ્છ જિલ્લામાંથી પ્રાપ્ત થઈ છે.

આચારસંહિતા ભંગની મળેલી ફરિયાદો પૈકી ભારતીય જનતા પક્ષ દ્વારા કુલ ૧૪ ફરિયાદો મળી છે. જે પૈકી ૧૦ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે, અને બાકીના ચાર પૈકી બે ફરિયાદો ચૂંટણી પંચ, નવી દિલ્હીને મોકલી આપવામાં આવી છે જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તરફથી કુલ ૩૯ ફરિયાદો મળી છે. જેમાંથી ૩૫ ફરિયાદોનો નિકાલ થઈ ગયો છે અને ચાર ફરિયાદો નિર્ણયની પ્રક્રિયામાં છે. અન્ય રાજકીય પક્ષો દ્વારા ચાર ફરિયાદો પ્રાપ્ત થઈ છે જે પૈકી એક ફરિયાદનો નિકાલ થઈ ગયો છે જ્યારે એક ફરિયાદ નિર્ણયની પ્રક્રિયામાં છે જ્યારે એક ફરીયાદ જિલ્લા ચૂંટણી અધિકારી પાસે નિર્ણયની પ્રક્રિયામાં છે.

આદર્શ આચારસંહિતા ભંગની મળેલી ફરિયાદો પૈકી જિલ્લાવાર વિગતો આપતાં મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં જણાવાયું છે કે કુલ મળેલી ૨૦૯ ફરિયાદો પૈકી સૌથી વધુ ૨૯ ફરિયાદો કચ્છ જિલ્લામાંથી આવી છે. જ્યારે બનાસકાંઠામાં ૧૮, વડોદરા-૧૭, નવસારીમાં ૧૫, ગાંધીનગર-૧૩, વલસાડ અને અમરેલી-૧૧ ફરીયાદો મળી છે.

## મોદીનો આજનો કાર્યક્રમ

અમદાવાદ, તા.૯

૧૦મી એપ્રિલના દિવસે નરેન્દ્ર મોદી ત્રણ રાજ્યોમાં પાંચ રેલીઓને સંબોધનાર છે. નરેન્દ્ર મોદીની જાહેર સભાઓની શરૂઆત ૯.૩૦ વાગે થશે. પહેલી સભા પશ્ચિમ બંગાળમાં થશે. ત્યારબાદ ઝારખંડ, બિહારમાં થશે. એકંદરે બિહારમાં ત્રણ જગ્યાએ રેલી સંબોધનાર છે. જ્યારે એક રેલી ઝારખંડમાં અને એક રેલી પશ્ચિમ બંગાળમાં સંબોધશે. છેલ્લી રેલી મોદી ૩.૫૦ વાગે પાટલીપુત્રમાં સંબોધશે. મોદીની રેલીનો કાર્યક્રમ નીચે મુજબ છે.

- સવારે ૯.૩૦ વાગે પશ્ચિમ બંગાળમાં રેલી
- ઝારખંડના જમશેદપુરમાં ગોપાલ મેદાન ખાતે ૧૧.૪૦ વાગે રેલી
- બિહારના ઝેહાનાબાદમાં હવાઈઅડ્ડા મેદાન પર ૧.૨૦ વાગે રેલી
- બિહારના અરાહ ખાતે એરપોર્ટ મેદાન પર ૨.૩૫ વાગે રેલી
- બિહારના પાટલીપુત્રમાં પાર્વતી હાઈસ્કૂલ ખાતે ૩.૫૦ વાગે રેલી

## વિનોદ અજમેરાએ નિરીક્ષક તરીકેનો કાર્યભાર સંભાળ્યો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે સામાન્ય નિરીક્ષક તરીકે નિયુક્ત થયેલા ઉચ્ચ સનદી અધિકારી શ્રી વિનોદ અજમેરા આજે ગાંધીનગર આવી પહોંચ્યા છે.

શ્રી અજમેરાએ આજે ગાંધીનગર આવી જિલ્લા કલેક્ટર સાથે બેઠક કરી હતી. આ પછી સાંજે તેમણે આચારસંહિતાના અમલને લઈ અધિકારીઓ સાથે પણ બેઠક યોજી હતી.

શ્રી અજમેરાનો મોબાઈલ નં. ૯૯૭૮૪-૦૮૫૨૧ છે તેમ જિલ્લા વહીવટીતંત્રની એક યાદીમાં જણાવાયું છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં નિમાયેલા નિરીક્ષક શ્રી અજમેરા રાજસ્થાન સરકારમાં અગ્ર સચિવ છે. તેઓ આ સંસદીય મત વિસ્તારમાં પાંચ વિધાનસભા મતવિસ્તાર અમદાવાદના હોવાથી થોડોક સમય અમદાવાદ રોકાશે તેમ જાણવા મળેલ છે.


જોઈએ છે

• LED TV • LCD TV
• Colour TV

જુના બંધ હાલતમાં

શૈલેષભાઈ : ૯૭૧૪૧ ૯૮૩૬૬